નાબાર્ડ તરફથી મળતી લોન અંતર્ગત ગોડાઉન બાંધકામના પ્રોજેકટ-૩માં સમાવિષ્ટ ૮૪ સ્થળો પૈકી ૪૩ સ્થળોના કામોની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ નં.ગડન/૧૨૨૦૧૫/૭૮૯/ક

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૦૫/૧૦/૨૦૧૭.

વંચાણે લીધા:

(૧) ગુ.રા.ના.પુ.નિ.લીનો તા. ૨૯/૦૮/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: નં. સી.ડબલ્યુ/૧૮૧/ડબલ્યુ.આઇ.એફ.-૩/પ્રોજેક્ટ/વ.મંજુરી/૨૦૧૭/૧૪૭૮.

(૨) ગુ.રા.ના.પુ.નિ.લીનો તા. ૦૫/૦૯/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: નં. સી.ડબલ્યુ/૧૮૧/ડબલ્યુ.આઇ.એફ.-૩/પ્રોજેક્ટ/વ.મંજુરી/૨૦૧૭/૪૧૭૩ તથા.૪૧૭૪

ઠરાવ:-

જાહેર વિતરણ વ્યવસ્થા માટે રાજ્યમાં અનાજની સંગ્રહશક્તિ વધારવાં માટે નાબાર્ડની WIF યોજના અંતર્ગત ગોડાઉન બાંધકામ માટે પ્રોજેક્ટ-૩ અંતર્ગત ૮૪ સ્થળોએ કુલ-૧૬૮૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ ધરાવતા રૂ.૨૦૮.૩૦૩૨ કરોડની અંદાજિત કિંમતે ગોડાઉનનું બાંધકામ થનાર છે. [કુલ પ્રોજેક્ટ રૂ.૨૧૯.૨૭ કરોડ(અંકે રૂ. બસ્સો ઓગણીસ કરોડ અને સત્તાવીસ લાખ) ના ૯૫%] તેમજ તે અંગેની લોન મેળવવાની મંજુરી નાબાર્ડ દ્વારા મળેલ છે.

આ પ્રોજેકટ અન્વયે ૧૩ કામોના અંદાજોની મંજુરી અગાઉ આપવામાં આવેલ છે તેમજ ત્યારબાદ ઉક્ત સંદર્ભિત નિગમના પત્રોથી અન્ય ગોડાઉન સંકુલના બાંધકામના કામો માટે કુલ રૂ.૧૦૮૮૪.૯૭ લાખની અંદાજીત રકમના કામોની વહીવટી મંજુરી માંગવામાં આવેલ છે.

આમ, ઉક્ત સંદર્ભ (૧) અને (૨) ના પત્રથી કરેલ રજુઆત અન્વયે કાળજીપૂર્વકની વિચારણાને અંતે કુલ ૮૪ કામો પૈકી ૪૩ સ્થળોના કામો માટે રૂ.૧૦૮૮૪.૯૭ લાખના અંદાજોને આથી નીચેની શરતોએ વહીવટી મંજુરી આપવામાં આવે છે. (પરિશિષ્ટ-૧)

(૧) નાણા વિભાગના અવલોકનો/ મંજૂરી તથા ટેકનીકલ અને બાંધકામ વિષયક બાબતમાં વિભાગના ધારાધોરણ ધ્યાને લેવાના રહેશે તથા સક્ષમ કક્ષાએ મંજુરી મેળવવાની રહેશે.

(૨) ૩ ગોડાઉનો માટે વહીવટી મંજુરી માટે મોકલેલ અંદાજો પૈકી આંતરિક રોડ, વૃક્ષારોપણ, વર્કચાર્જ મહેકમ, પાણી પુરવઠા માટેની વ્યવસ્થા (બોર) રેસ્ટરૂમ,કેન્ટીન વગેરે બનાવવાના ખર્ચનો કરેલ સમાવેશ નાબાર્ડે મંજુર કરેલ ખર્ચના ભાગરૂપ છે કે કેમ તે ચકાસણી કરી નાબાર્ડે આપેલ મંજુરી/નિયત કરેલ ધોરણો અનુસાર જ ખર્ચ થાય તેની કાળજી લેવાની રહેશે.

(૩) બંધાનાર ગોડાઉનોના કામમાં આવરી લેવાયેલ વૃક્ષારોપણની કામગીરી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ (મનરેગા) કાર્યક્રમ હેઠળ હાથ ધરવાની રહેશે, અને આ રકમ અંદાજોમાંથી બાદ કરવાની રહેશે.

(૪) આ બાબતે વહીવટી મંજુરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાંણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૯) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૧૧) બાંધકામના કામોમાં પી.ડબલ્યુ.ડી. મેન્યુઅલની જોગવાઇઓ તથા સુરક્ષા અને ડીઝાસ્ટર મેનેજમેન્ટના નિયત ધોરણોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નંબર:- ૨૩

મુખ્ય સદર:- ૪૪૦૮ ખાધ્યસંગ્રહ અને વખાર વ્યવસ્થા

પેટા મુખ્ય સદર :- ૦૨ સંગ્રહ અને વખાર વ્યવસ્થા

ગૌણ સદર:- ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર:- ૦૨ નાબાર્ડ તરફથી મળતી લોન અંતર્ગત ગોડાઉન બાંધકામ.

આ પ્રોજેક્ટ હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં મંજુર થયેલ રૂ. ૧૦૬૭૯.૮૬ લાખની ગ્રાન્ટ નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર હસ્તક ઉપલબ્ધ થયેથી, જરૂરીયાત મુજબની ગ્રાન્ટ માર્ગ અને મકાન વિભાગ અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ને રીલીઝ કરવાની રહેશે.

આ શાખાની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૧૦/૨૦૧૭ ની મંજુરીના અનુસંધાને પ્રસ્તુત વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભગવતી દવે)
સેકશન અધિકારી,
અ.ના.પુ અને ગ્રા.બાનો વિભાગ,
**ગુજરાત સરકાર.**

બીડાણ: ઉપર મુજબ

પ્રતિ,

(૧) **નિયામકશ્રી,** અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
(૩)મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગર.
(૪)નાણાંકીય સલાહકારશ્રી, નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૫)સેક્શન અધિકારીશ્રી, ક-શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬)એકાઉન્ટન્ટ જનરલ-૧(એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, રાજકોટ.
(૭)એકાઉન્ટન્ટ જનરલ-૨(ઓડીટ), ગુજરાત રાજ્ય, રાજકોટ.
(૮)પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૯)તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૦)મુકામી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૧૧) સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર.
(૧૨) સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર.
(૧૩)સિલેકટ ફાઇલ.